(૧૫)

**પ્ર. ૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. સિદ્ધના જીવો ક્યાં છે? શા માટે?

**જ. લોકના અગ્રભાગે છે. ધર્માસ્તિકાય દ્રવ્ય જે જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાય કરે છે તે દ્રવ્ય માત્ર લોકમાં જ છે, અલોકમાં નથી. તેથી ઋજુગતિએ જઈને લોકના અગ્રભાગે જીવ સિદ્ધ થઈ જાય છે.**

૨. વ્રત એટલે શું? જીવને મારવાવાળાને પાપ શા માટે લાગે છે?

**જ. વિરતિ, નિયમ, મર્યાદામાં આવવું. મારવાની દુષ્ટ ભાવના અને દુષ્ટ પ્રવૃત્તિથી જીવને મારનારને પાપ લાગે છે, માટે દરેક કાર્ય જતનાપૂર્વક હિંસા ન થાય તે રીતે કરવા.**

૩. સચેત ત્યાગથી શું લાભ થાય છે?

**જ. ૧) સ્વાદ પર જીત, ૨) જ્યાં સચેત વસ્તુ ખાવાની સુવિધા ન હોય ત્યાં સંતોષ, ૩) સાધુ–સાધ્વીઓને સૂઝતા, નિર્દોષ અચેત આહાર–પાણી વહોરાવી શકાય. ૪) તિથિ અને પર્વના દિવસોમાં ઘરમાં લીલોતરી આરંભ ન થાય. જીવો પ્રત્યે વિશેષ અનુકંપા વધે.**

૪. ઈર્ષ્યાએ, ભવ્ય, ગાગર, નાયક આ શબ્દો ક્યાં પાઠમાં આવે છે?

જ. ઈર્ષ્યાએ – **આલોયણામાં** ભવ્ય – **પહેલા અને ત્રીજા ખામણામાં, માંગલિકમાં**

ગાગર – **બીજા ખામણામાં** નાયક – **ચોથા ખામણામાં**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. અનુયોગ દ્વાર સૂત્રમાં આવશ્યક માટે કયા નામ કીધા? (માત્ર નામ લખો.) (૨×૨)

**જ. આવશ્યક, અવશ્યકરણીય, ધ્રુવ નિગ્રહ, વિશોધિ, અધ્યયન ષટ્ક વર્ગ, ન્યાય, આરાધના, માર્ગ.**

૨. વારણા અને વિશોધિ એટલે શું?

**જ. વારણા – નિષેધ કરવો. વિષય ભોગની પ્રવૃત્તિમાં જતા આત્માને તે પ્રવૃત્તિમાં જતો રોકવો તે વારણા છે. વિશોધિ – આવશ્યકની આરાધનાથી કર્મથી મલિન બનેલા આત્માની વિશુદ્ધિ થાય છે, તે વિશુદ્ધિનું કારણ હોવાથી વિશોધિ કહેવાય છે.**

૩. કાયોત્સર્ગ આવશ્યકનું બીજું નામ શું છે? તે કેટલામો આવશ્યક છે? શા માટે? (૩)

**જ. વ્રણ ચિકિત્સા. પાંચમો. પ્રતિક્રમણ કર્યા પછી જ કાયોત્સર્ગ માટે જરૂરી યોગ્યતા પ્રાપ્ત થાય છે, કારણ જ્યાં સુધી પ્રતિક્રમણ દ્વારા આલોચના કરીને ચિત્તની શુદ્ધિ થઈ નથી ત્યાં સુધી ધર્મધ્યાન કે શુક્લધ્યાન માટે એકાગ્રતા પ્રાપ્ત કરવાનો જે કાયોત્સર્ગનો ઉદ્દેશ છે તે કોઈ પણ રીતે સફળ થતો નથી, તેથી પ્રતિક્રમણ પછી પાંચમો આવશ્યક કાયોત્સર્ગ છે.**

(૧૦)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ચાર્વાક દર્શનની માન્યતા શું છે? તેઓ કયા પ્રમાણને માને છે?

**જ. સર્વ લોકવ્યાપી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ – આ પાંચ મહાભૂત જ્યારે શરીરરૂપે પરિણત થાય છે ત્યારે તેમાં ચૈતન્યવંત આત્માની ઉત્પત્તિ થાય છે અને શરીરના નાશ સાથે આત્માનો પણ નાશ થઈ જાય છે.**

**તેઓ ઈન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણને જ માને છે.**

૨. ક્રિયાવાદીના મતે કર્મબંધ કેવી રીતે થાય છે?

**જ. ૧) વધ્ય જીવ સામે હોય, ૨) આ જીવ છે તેવું જ્ઞાન હોય, ૩) આ પ્રાણીને મારું તેવો સંકલ્પ હોય, ૪) શરીરથી મારવાની ક્રિયા થાય, ૫) જીવ મરી જાય.**

૩. પાપનું મૂળ શું છે? શા માટે?

**જ. પરિગ્રહ. જીવ સચેત કે અચેત કોઈપણ પદાર્થમાં મૂર્ચ્છિત થઈને તેની પ્રાપ્તિ માટે, તેના સંરક્ષણ માટે કે તેના**

**ભોગ માટે હિંસા, અસત્ય, ચોરી, વેર–ઝેર વગેરે અનેક પાપ પ્રવૃત્તિઓનું સેવન કરે છે.**

૪. ઉપસર્ગ એટલે શું? તેના કેટલા પ્રકાર છે? કયા કયા?

**જ. દેવ, મનુષ્ય કે તિર્યંચો દ્વારા સાધકના સાધના માર્ગમાં આવતી આપત્તિ, ઉપદ્રવો કે વિઘ્નોને ઉપસર્ગ કહે છે. તેના મુખ્ય બે ભેદ છે – અનુકૂળ ઉપસર્ગ અને પ્રતિકૂળ ઉપસર્ગ.**

૫. લક્ષની સિદ્ધિ માટે શેની આરાધના કરવાની છે? શું સમભાવપૂર્વક સહન કરવાનું છે?

**જ. લક્ષની સિદ્ધિ માટે વારંવાર સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ આદિ પરમાત્મા કથિત અનુષ્ઠાનોની આરાધના કરવાની છે.**

**સંયમ માર્ગમાં આવતા અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગો અને પરિષહોને સમભાવપૂર્વક સહન કરવાના છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભયસ્થાન એટલે શું? તે કેટલા છે? પહેલા ચારના માત્ર નામ લખો.

**જ. ભય મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતા આત્મ પરિણામના સ્થાન – આશ્રયને ભયસ્થાન કહે છે. તે ૭ છે. ઈહલોક ભય, પરલોક ભય, આદાન ભય, અકસ્માત ભય.**

૨. ૭ નયમાં પ્રથમ ચાર નય ..... છે. તે ...... ના ...... ને ....... આપે છે.

**જ. અર્થ, શબ્દ, અર્થ, પ્રધાનતા.**

૩. સેનાપતિ આદિ ૭ રત્નમાં મનુષ્ય અને તિર્યંચ સંબંધી કેટલા? કયા કયા?

**જ. સંજ્ઞી મનુષ્ય સંબંધી – ૫ સેનાપતિ રત્ન, ગાથાપતિ રત્ન, વાર્ધકી રત્ન, પુરોહિત રત્ન, સ્ત્રી રત્ન.**
**સંજ્ઞી તિર્યંચ સંબંધી – ૨ અશ્વ રત્ન, હસ્તિ રત્ન.**

૪. દંડ એટલે શું? દંડ નીતિ એટલે શું? કુલકરના સમયમાં કેટલી અને કઈ કઈ નીતિ હતી?

**જ. અપરાધીને શિક્ષા આપવી તેને દંડ કહે છે. દંડરૂપ જે નીતિ છે તેને દંડ નીતિ કહે છે. હકાર–હા, આ તે શું કર્યું? મકાર–હવે એવું કરતો નહિ અને ધિક્કાર–ધિક્કાર છે તને, તેં આવું કર્યું?**
**કુલકરના સમયમાં હતી.**

૫. જંબૂદ્વીપમાં પશ્ચિમાભિમુખ કઈ કઈ નદીઓ લવણ સમુદ્રને મળે છે?

**જ. સિંધુ નદી, રોહિતાંશા નદી. હરિકન્તા નદી, સીતોદા નદી, નારીકન્તા નદી, રુપ્યાકુલા નદી અને રક્તવતી નદી.**

(૧૫)

**પ્ર. ૪ (અ) ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. શિવરાજર્ષિ કઈ નગરીમાં રહેતા હતા? ત્યાં કયું ઉદ્યાન હતું? તે ઉદ્યાન કેવું હતું? (૨×૨)

**જ. હસ્તિનાપુર નગરી, ઉત્તરપૂર્વ દિશામાં નંદનવન સમાન રમ્ય સહસ્ત્રામ્ર નામનું ઉદ્યાન હતું. તે ઉદ્યાન સર્વ ઋતુઓના પુષ્પ અને ફળોથી સમૃદ્ધ હતું. તેની છાયા સુખકારક અને શીતળ હતી.**

૨. શિવ રાજાને રાત્રિના પાછલા પ્રહરમાં શું વિચાર આવ્યો?

**જ. પૂર્વ પુણ્યના ફળ સ્વરૂપે હું એકાંત સુખ ભોગવી રહ્યો છું તો હવે મારા માટે એ શ્રેષ્ઠ છે કે શિવભદ્ર કુમારને રાજ્ય પર સ્થાપિત કરીને, તાપસોચિત ઉપકરણ તૈયાર કરાવી, ગંગા નદીને કિનારે વાનપ્રસ્થ તાપસો છે, તેમની પાસે જાઉં.**

૩. તાપસો કયા પ્રકારે ઓળખાતા હતા? (૩×૩)

**જ. વસ્ત્ર ધારણ કરનારા પોતિક, ભૂમિ પર શયન કરનારા કૌત્રિક, નગ્નાવસ્થામાં પાણીમાં બેસી રહેનારા અંબુવાસક, અગ્નિહોત્રી, કંથાને ધારણ કરનારા ચેલવાસક, જલભક્ષક, વાયુભક્ષક, શેવાલભક્ષક, મૂલ આહારક, કંદ આહારક, વનવાસી, બિલવાસી, દિશાપ્રોક્ષી, આતાપનાથી પંચાગ્નિ તપ કરનાર, પોતાના શરીરને અંગારાથી તપાવનાર, ઊંચો દંડ રાખીને ચાલનારા ઈત્યાદિ અનેક પ્રકારે ઓળખાતા હતા.**

૪. ભગવાનનો ઉપદેશ સાંભળીને શિવ રાજર્ષિએ શું કર્યું? તે વૃત્તાંત જણાવો.

**જ. ભગવાનનો ઉપદેશ સાંભળીને શિવ રાજર્ષિ સ્કંદકની જેમ પ્રતિબોધ પામ્યા અને વૈરાગ્યભાવ જાગૃત થયો. તાપસ દીક્ષાનો ત્યાગ કરી, સ્વયંમેવ પંચમુષ્ટિ લોચ કરીને, પ્રભુ સમીપે શ્રમણ દીક્ષા અંગીકાર કરી, ૧૧ અંગનું અધ્યયન કર્યું. અનેક વર્ષો સુધી તેમણે શ્રમણપર્યાયનું પાલન કર્યું. સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષગતિને પામ્યા.**

**(બ) જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. તુંબડાના દૃષ્ટાંતમાં શેનું વર્ણન કર્યું છે? (૩)

**જ. કર્મલેપથી મુક્ત થવાના ઉપાયનું વર્ણન છે. કર્મના લેપ–અલેપનું વર્ણન દર્શાવ્યું છે. જેવી રીતે માટીના લેપથી ભારે થયેલું તુંબડું પાણીના તળિયે બેસી જાય છે, તેવી રીતે આશ્રવ દ્વારા ઉપાર્જિત કર્મોથી ભારે થયેલો જીવ અધોગતિમાં ચાલ્યો જાય છે. જ્યારે તે જ તુંબડું માટીના લેપથી મુકત થઈ જતા હળવું થઈને પાણી ઉપર તરવા લાગે છે, તેમ કર્મથી વિમુક્ત જીવ લોકના અગ્રભાગ પર બિરાજમાન થઈ જાય છે.**

૨. જીવ કેવી રીતે લઘુત્વને પ્રાપ્ત કરે છે? (૨)

**જ. પ્રાણાતિપાત વિરમણથી મિથ્યાદર્શન શલ્ય વિરમણ પર્યંતના અર્થાત્ ૧૮ પાપના ત્યાગથી જીવ ક્રમશઃ ૮ કર્મપ્રકૃતિઓનો ક્ષય કરીને ઉપર આકાશતલની તરફ ઊઠીને લોકાગ્રભાગમાં સ્થિત થઈ જાય છે.**

(૫)

**પ્ર. ૫ નિરિયાવલિકા (વૃષ્ણિદશા) સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્વારિકા નગરી કોણે કેવી બનાવી હતી?

**જ. કુબેરે પોતાની બુદ્ધિ કૌશલથી અર્થાત્ દેવલોક જેવી બનાવી હતી.**

૨. દ્વારિકા નગરીના રાજા કોણ હતા? ત્યાં કયું ઉદ્યાન હતું?

**જ. કૃષ્ણ વાસુદેવ. નંદનવન.**

૩. નિષધ કુમારના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા? પ્રભુ પાસે ધર્મ સાંભળી તેમણે શું કર્યું?

**જ. ૫૦ કન્યાઓ સાથે. ૧૨ વ્રત અંગીકાર કર્યા.**

૪. નિષધ અણગારે કેટલો અભ્યાસ કર્યો? તેઓ કાળ કરીને ક્યાં ગયા?

**જ. ૧૧ અંગોનો. સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં.**

૫. મેઘવર્ણ ઉદ્યાનમાં કોનું યક્ષાયતન હતું? ત્યાં કોણ પધાર્યું?

**જ. મણિદત્ત યક્ષનું. સિદ્ધાર્થ નામના આચાર્ય.**

(૧૫)

**પ્ર. ૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૯)**

૧. અસાસયં ...... **પાના નં. ૩૯ ગાથા ૭** ૨. વેયા અહીયા ...... **પાના નં. ૪૧ ગાથા ૧૨**

૩. એગઓ ...... **પાના નં. ૪૬ ગાથા ૨૬**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

| | જવાબ |
|---|---|
| ૧. કયો પુરુષ પ્રશંસાપાત્ર નથી? | **વમન કરેલી સંપત્તિનો જે ઉપભોગ કરે છે.** |
| ૨. ભૃગુ પુરોહિત કાળ કરીને ક્યાં ગયા? | **પરમ નિર્વાણને પ્રાપ્ત થયા, મુક્ત થયા.** |
| ૩. છ જીવો શેનો ત્યાગ કરી કોના શરણે ગયા? | **કામભોગોનો ત્યાગ કરી જિનેન્દ્ર ભગવાનના શરણે ગયા.** |
| ૪. મનુષ્ય જીવન કેવું છે? | **ક્ષણિક અને વિઘ્નોથી ભરેલું છે.** |
| ૫. કોણ ઉત્તમ ગતિ પામતા નથી? એવું કોણ કહે છે? | **જેમને પુત્ર નથી. વેદના પારંગત પુરુષો કહે છે.** |
| ૬. કર્મબંધના કારણ શું છે? | **આત્માના આંતરિક રાગાદિ દોષો, શુભાશુભ પરિણામો.** |

(૨૦)

**પ્ર. ૭ પન્નવણા સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) દ્રવ્યેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. એક જીવ અને અનેક જીવ અપેક્ષાએ રત્ન, હરિવાસના મનુષ્ય, આણત દેવની ભૂત–ભવિષ્ય–વર્તમાનની દ્રવ્યેન્દ્રિય લખો. (૬)

| જ. એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| રત્ન | અનંત | ૧ | ૮, ૯, ૧૦, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| હરિવાસના મનુષ્ય | અનંત | ૮ | ૧૬, ૧૭ સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| આણત દેવ | અનંત | ૮ | ૮, ૧૬, ૧૭ સંખ્યાત, અસંખ્યાત, અનંત |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| રત્ન | અનંત | અસંખ્યાત | અનંત |
| હરિવાસના મનુષ્ય | અનંત | સંખ્યાત | અનંત |
| આણત દેવ | અનંત | અસંખ્યાત | અનંત |

૨. વિજય દેવની દ્રવ્યેન્દ્રિય કેટલી હોય? શા માટે? (૨×૨)

**જ. સંખ્યાતી કારણ કે વિજયના દેવ અસંખ્યાત કે અનંત ભવ સુધી સંસારમાં રહેતા નથી તેથી તેની દ્રવ્યેન્દ્રિયો સંખ્યાતી જ થાય છે. ઉત્કૃષ્ટ ૧૩ મે ભવે અવશ્ય મોક્ષે જાય છે.**

૩. નારકીનો જીવ ૧૭ દ્રવ્યેન્દ્રિય કેવી રીતે કરશે?

**જ. કોઈ નારકી મૃત્યુ પામી તિર્યંચ પંચેન્દ્રિય અને એકેન્દ્રિયનો ભવ કરીને ત્યારપછી મનુષ્યનો ભવ કરીને સિદ્ધ થાય તો તેને ૮ + ૧ + ૮ = ૧૭ દ્રવ્યેન્દ્રિય થાય.**

**(બ) ભાવેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. એક જીવ અને અનેક જીવ અપેક્ષાએ સંમૂ. મનુષ્ય, ગરમર, કબૂતર, વીંછીની ભૂત–ભવિષ્ય– વર્તમાનની ભાવેન્દ્રિય લખો. (૮)

| જ. એક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| સંમૂ. મનુષ્ય | અનંત | ૫ | ૫, ૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| ગરમર | અનંત | ૧ | ૫, ૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| કબૂતર | અનંત | ૫ | ૫, ૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |
| વીંછી | અનંત | ૪ | ૬, ૭, સંખ્યાત, અસંખ્યાત, અનંત |

| અનેક જીવ અપેક્ષા | ભૂત | વર્તમાન | ભવિષ્ય |
|---|---|---|---|
| સંમૂ. મનુષ્ય | અનંત | અસંખ્યાત | અનંત |
| ગરમર | અનંત | અસંખ્યાત | અનંત |
| કબૂતર | અનંત | અસંખ્યાત | અનંત |
| વીંછી | અનંત | અસંખ્યાત | અનંત |

૨. ભાવેન્દ્રિય ....... કર્મના ....... ભાવ રૂપ હોય છે. વનસ્પતિ જીવ ...... હોવાથી બદ્ધ ....... અનંત છે. (૨)

**જ. જ્ઞાનાવરણીય, ક્ષયોપશમ, અનંત, ભાવેન્દ્રિય.**

(૧૦)

**પ્ર. ૮ માર્ગણા લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. અધોલોક ચક્ષુઈન્દ્રિયમાં  ૨. અધોલોક નોગર્ભજમાં  ૩. કૃષ્ણલેશી વૈક્રિય શરીર સ્ત્રીવેદમાં

૪. ક્રિયાવાદી અશાશ્વતમાં  ૫. સંજ્ઞી એકાંત મિથ્યાત્વીમાં  ૬. મનયોગી સમ્યક્દ્રષ્ટિમાં

૭. શુક્લલેશી જીવોમાં  ૮. અધોલોક બાદરમાં  ૯. એકાંત મિથ્યાત્વ શાશ્વતમાં

**૧૦. ઊર્ધ્વલોક પ્રત્યેક શરીરી બાદર મિથ્યાત્વીમાં**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. અધોલોક ચક્ષુઈન્દ્રિયમાં | ૧૪ | ૨૨ | ૩ | ૫૦ | ૮૯ |
| ૨. અધોલોક નોગર્ભજમાં | ૧૪ | ૩૮ | ૧ | ૫૦ | ૧૦૩ |
| ૩. કૃષ્ણલેશી વૈક્રિય શરીર સ્ત્રીવેદમાં | ૦ | ૫ | ૧૫ | ૧૦૨ | ૧૨૨ |
| ૪. ક્રિયાવાદી અશાશ્વતમાં | ૬ | ૫ | ૪૫ | ૮૧ | ૧૩૭ |
| ૫. સંજ્ઞી એકાંત મિથ્યાત્વીમાં | ૧ | ૦ | ૧૧૨ | ૩૬ | ૧૪૯ |
| ૬. મનયોગી સમ્યક્દ્રષ્ટિમાં | ૭ | ૫ | ૪૫ | ૮૧ | ૧૩૮ |
| ૭. શુક્લલેશી જીવોમાં | ૦ | ૧૦ | ૩૦ | ૪૪ | ૮૪ |
| ૮. અધોલોક બાદરમાં | ૧૪ | ૩૮ | ૩ | ૫૦ | ૧૦૫ |
| ૯. એકાંત મિથ્યાત્વ શાશ્વતમાં | ૦ | ૩૦ | ૫૬ | ૧૮ | ૧૦૪ |
| ૧૦. ઊર્ધ્વલોક પ્રત્યેક શરીરી બાદર મિથ્યાત્વીમાં | ૦ | ૩૪ | ૦ | ૬૬ | ૧૦૦ |

**જય જિનેન્દ્ર**